દિવ્ય ભાસ્કર, ગાંધીનગર આવૃત્તિ
પાના નંબર :- ૦૨
તારીખ :- ૨૬/૦૨/૨૦૨૬

# 9 મેટ્રો સ્ટેશન આસપાસ 19 સ્થળ પર પાર્કિંગ કરાશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

શહેરમાં નવા વિસ્તારોના ઝડપી વિકાસ સાથે પાર્કિંગની સમસ્યાનો ઉકેલ લાવવા માટે મહાનગરપાલિકા મેટ્રો સ્ટેશન નજીક પાર્કિંગ સુવિધા વિકસાવવાની યોજના પર કામ આગળ વધાર્યું છે.જેમાં કૂલ 9 મેટ્રો સ્ટેશનની નજીક 19 જગ્યાએ પાર્કિંગની વ્યવસ્થા ઉભી કરાશે. જેમા અંદાજે 2000 વાહનો પાર્ક કરી શકાશે, આ યોજના તબક્કાવાર રીતે અમલમાં લવાશે. મહાપાલિકાના આયોજન મુજબ અહીં અંદાજે 1400 ટુ-વ્હીલર, 700 ફોર વ્હીલર અને અન્ય વાહનો માટે વ્યવસ્થા કરાશે.

મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી સેક્ટર-10 સચિવાલય સુધી મેટ્રો સેવા પહેલેથી કાર્યરત છે અને મહાત્મા મંદિર સુધી મેટ્રો સેવા શરૂ થઇ ગઇ છે. અમદાવાદ-ગાંધીનગર વચ્ચે અપડાઉન કરનારા હજારો નાગરિકો રોજ મેટ્રોનો ઉપયોગ કરે છે અને તેઓ પોતાના વાહનો મેટ્રો સ્ટેશન પાસે પાર્ક કરે છે. અત્યાર સુધી એલોટેડ પાર્કિંગ ન હોવાને કારણે ખુલ્લી જગ્યાઓમાં વાહનો પાર્ક કરાતાં હતા.